Co-curricular activities

Date :21/07/2025 to 25/07/2025

# FINE ARTS COMPETITIONS















**તા. 21/07/2025 to 25/07/2025 ના રોજ તાલીમાર્થીઓની સર્જનાત્મકતા અને કળાપ્રતિભાને ઉજાગર કરવા માટે બંને કોલેજોમાં “Fine Arts” ની વિવિધ સ્પર્ધાઓનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં રંગોલી, મહેંદી, પોસ્ટર મેકિંગ, ક્લે આર્ટ, કાર્ટૂનીંગ, ઈન્સ્ટોલેશન અને કોલાજ જેવી દૃશ્યકલા આધારિત પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તાલીમાર્થીઓએ માત્ર હસ્તકલા જ નહીં પણ કલાત્મક અભિવ્યક્તિ અને નવીન વિચારશક્તિ દ્વારા પોતાની અંદર છૂપાયેલી પ્રતિભા દર્શાવી.**

**Co-curricular activities**

Date : 12/07/2025

# RAINY SONG COMPETITION










તા. 12/07/2025ના રોજ "વર્ષા ગીત સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 19 જેટલા તાલીમાર્થીઓએ વર્ષા ગીત રજૂ કર્યા હતા. જેમાં પ્રથમ નંબર પટેલ પ્રિયા (F.Y.) દ્વિતીય નંબર રાવલ જયેશ(S.Y) અને તૃતીય નંબર સોલંકી નિરમા (S.Y) એ મેળવ્યો હતો .આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે પ્રમુખસ્વામી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના અધ્યાપક શ્રીભાથીભાઈ રબારી તેમજ અધ્યાપિકા શ્રી ગાયત્રી એસ. ગમારે સેવા આપી હતી.

Date : 11/07/2025

Day Celebration

# WORLD POPULATION DAY CELEBRATION













તા. **11/07/2025** રોજ વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો ઉદ્દેશ તાલીમાર્થીઓમાં વસ્તી વૃદ્ધિના મુદ્દે જાગૃતિ લાવવાનો હતો.આ દિને તાલીમાર્થીઓએ એક પાત્રીય અભિનય (મોનો એક્ટ), કાવ્ય પઠન, તર્ક વિવાદ (ડિબેટ), તેમજ આધુનિક પ્રેઝન્ટેશન દ્વારા વસ્તી સંબંધિત વિવિધ મુદ્દાઓ જેમ કે – વસ્તી વૃદ્ધિના કારણે ઊભી થયેલી સમસ્યાઓ, કુટુંબ નિયોજન, શિક્ષણનો અભાવ તથા સંસાધનો પર વધી રહેલો દબાણ – વગેરે જેવી રજુઆત થઈ હતી.

Date : 10/07/2025

**Day Celebration**

# GURUPURNIMA CELEBRATION



















તા. **10/7/2025** ના રોજ ગુરુપૂર્ણિમાની પાવન ઉજવણી અને નવ પ્રવેશિત તાલીમાર્થીઓના આગમન નિમિત્તે આગવી ઢબે આવકારોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.પ્રારંભમાં તાલીમાર્થીઓએ ગુરુજનો પ્રત્યે કુંકુમ તિલક અને સ્વનિર્મિત ગુરુવંદના કાર્ડ અર્પણ કરીને પોતાનું આદરભાવ વ્યક્ત કર્યો. ત્યારબાદ કોલેજના આચાર્યશ્રી ડૉ. ભાવિક એમ. શાહે પ્રસંગોચિત ઉદબોધન આપ્યું, જેમાં તેમણે ગુરુત્વનો મહિમા અને શિક્ષણની સાંસ્કૃતિક પરંપરાની અગત્યતા વિષે સમજાવતાં વિચારો રજૂ કર્યા. તેમણે નવ પ્રવેશિત તાલીમાર્થીઓને સમગ્ર સ્ટાફનો પરિચય પણ કરાવ્યો.આ પ્રસંગે તાલીમાર્થીઓએ ઉત્સાહભેર વિવિધ સાંસ્કૃતિક અને સર્જનાત્મક કાર્યક્રમો રજૂ કર્યા – જેમાં વક્તવ્ય, ગુરુવંદના નૃત્ય, ભારત નાટ્યમ , ભાવસભર કાવ્યપઠન, ફની ડાન્સ જેવી પ્રસ્તુતિઓ અને ગુજરાતની લોકસંસ્કૃતિ પ્રતિબિંબિત કરતા ગરબાનો સમાવેશ થતો હતો.

Co-curricular activities

# POETRY RECITATION COMPETITION

# ELOCUTION COMPETITION

Date :05/07/2025












તા. 05/07/2025ના રોજ "કાવ્ય પઠન અને વક્તૃત્વ સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ બંને સ્પર્ધામાં કુલ 44 તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કાવ્ય પઠન માં પ્રથમ ક્રમ ફકીર ફૈઝાન, દ્વિતીય ક્રમ ચૌધરી ભૂમિકા, અને તૃતીય ક્રમ સોલંકી નિરમા એ મેળવ્યો હતો. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે કોમર્સ કોલેજના અધ્યાપિકા ડો. બીના એસ. બ્રાહ્મણ તેમજ અધ્યાપિકા ડો. મનીષા એચ. જાદવે સેવા આપી હતી. તેમજ વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પટેલ ધ્રુવી, દ્વિતીય ક્રમ ચૌધરી રિતિકા અને તૃતીય ક્રમ ફકીર ફૈઝાને મેળવ્યો હતો. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ક.પા. પ્રાથમિક શાળાના શિક્ષિકાશ્રી સંગીતાબેન ગોસ્વામી તેમજ અધ્યાપિકા ડૉ. સુરેખા એમ. પટેલે સેવા આપી હતી.

**Co-curricular activities**

# ACTION SONG COMPETITION

















તા. 28/06/2025ના રોજ "અભિનય ગીત સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા તાલીમાર્થીઓએ બાળગીતો પર અભિનય કરી અભિનય ગીત રજૂ કર્યા હતા.આ અભિનયગીત સ્પર્ધામાં  કુલ 31 તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે નાયક મયુરી અને ચૌધરી તન્વી, ચૌધરી ખુશ્બુ ,ચૌધરી પ્રિયા ,ચૌધરી મનાલી ,ચૌધરી સ્નેહલત્તા ,પટેલ કિંજલ દ્વિતીય સ્થાને ગામીત હિરલ, વસાવા પ્રિયંકા, વળવી વંદના,ચૌધરી ભૂમિકા અને તૃતીય ક્રમ ચૌધરી સ્નેહલ, ચૌધરી વર્ષા, ચૌધરી દિક્ષિતાએ મેળવ્યો હતો.આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ક.પા.પ્રાથમિક શાળાના શિક્ષકાશ્રી સંગીતાબેન ગોસ્વામી તેમજ અધ્યાપિકા ડૉ. નીતા એસ. ત્રિપાઠીએ સેવા આપી હતી.

**Day Celebration** **Date :21/06/2025**

# YOGA DAY CELEBRATION







તા. **21/06/2025** ના રોજ સર્વ વિધાલય કેમ્પસના સંયુક્ત ઉપક્રમે **11**માં વિશ્વયોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના **69** તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.